## (1) ગરીબ કલ્યાણ રોજગાર અભિયાન વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ અભિયાન પ્રવાસી મજદૂર તથા ગ્રામ્ય નાગરીક માટેનું છે.

(2) આ અભિયાન 'મિશન મોડ' પર 125 દિવસ સુધી કાર્યરત રહેશે.

(3) આ મિશન મોડ અભિયાન સમગ્ર ભારતમાં લાગુ થશે.

(4) આ અભિયાન માટે 50,000 કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1), (2) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ ભારત સરકારે વિડિયો કોન્ફરન્સ દ્વારા 20 જૂનના રોજ 'ગરીબ કલ્યાણ રોજગાર અભિયાન' લોન્ચ કર્યું છે.

⇛ આ અભિયાન થકી પ્રવાસી મજદૂરો તથા ગ્રામ્ય નાગરીકો કે જે લોકડાઉનના કારણે પરત ફરેલા છે તેમને સશકત કરવામાં આવશે તથા તેમના માટે રોજગારીની તકો ઊભી કરવામાં આવશે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ અભિયાન મિશન ગોડ પર 125 દિવસ સુધી ચલાવવામાં આવશે. આ માટે 50,000 કરોડ રૂપિયાના ફંડીંગની જોગવાઈ કરવામાં આવી છે. (આથી, વિધાન (2) અને (4) સાચાં છે.)

⇛ આ અભિયાન 6 રાજ્યોના 116 જિલ્લાઓ ચલાવવામાં આવશે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ આ 6 રાજ્યોમાં બિહાર, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, રાજસ્થાન, ઝારખંડ અને ઓરિસ્સાનો સમાવેશ થાય છે.

⇛ આ 116 જિલ્લામાં આશરે 2/3 પવાસી મજદૂરો હોવાનો અંદાજ હોવાથી આ જિલ્લાઓને પસંદ કરવામાં આવ્યાં છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE
icerajkot

## (2) ગ્લોબલ ટ્રેંડ્સ રિપોર્ટ (Global Trends Report) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ રિપોર્ટ UNHRC નામની સંસ્થા દ્વારા જાહેર કરવામાં આવ્યો છે.

(2) આ રિપોર્ટ દર 5 વર્ષે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

(3) રિપોર્ટ મુજબ વર્ષ 2019માં આશરે 8 કરોડ લોકોનું બળપૂર્વક સ્થાનાંતર થયું હતું.

(4) વર્ષ 2014થી યેમેન રેફયુજીના સ્ત્રોત તરીકે પ્રથમ સ્થાને રહયું છે.

(A) માત્ર (1), (2) અને (4)
(B) માત્ર (2) અને (4)
(C) માત્ર (3) અને (4)
(D) માત્ર (1) અને (3)

⇒ **જવાબ :- D**

**સમજૂતી :**

⇒ 20 જૂનના રોજ વિશ્વ રેફયુજી દિવસ ઊજવવામાં આવે છે. આ દિવસ અગાઉ UNHRC દ્વારા તેનો વાર્ષિક ગ્લોબલ ટ્રેંડ્સ રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો છે. (આથી, વિધાન (1) સાચું છે જ્યારે વિધાન (2) ખોટું છે.)

⇒ UNHRCનું પૂરુંનામ United Nations High Commissioner for Refugees છે.

⇒ આ રિપોર્ટમાં વિશ્વના રેફયુજીઓની સંખ્યા ગણવામાં આવે છે તથા તેનું ટ્રેકીંગ કરવામાં આવે છે. રેફયુજી ઉપરાંત આંતરિક સ્થાનાંતર પામેલાં લોકો, પોતાના વતન પરત ફરેલ લોકો, શરણાર્થીઓ, રાજ્યવિહીન લોકો તથા અન્ય સંબંધી લોકોનું પણ ટ્રેકીંગ કરવામાં આવે છે.

⇒ રિપોર્ટ મુજબ વર્ષ 2019ના અંત સુધીમાં 8 કરોડ જેટલા લોકોનું બળપૂર્વક સ્થાનાંતર થયું હતું જે પૈકી અડધા બાળકો હતાં. (આથી, વિધાન (3) સાચું છે.)

⇒ આંતરરાષ્ટ્રીય સ્થાનાંતર થયેલાં લોકો પૈકી 2/3 લોકો આ 5 દેશના છે : સિરિયા, વેનેઝુએલાં, અફઘાનિસ્તાન, દક્ષિણ સુદાન અને મ્યાનમાર.

⇒ વર્ષ 2014થી રેફયુજીઓના સ્ત્રોત તરીકે સિરિયા પ્રથમ ક્રમે રહયું છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## (3) RIC ગ્રુપીંગ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) RICમાં ત્રણ દેશનો સમાવેશ થાય છે. જે રશિયા, ભારત અને ચીન છે.

(2) આ ગ્રુપીંગની શરૂઆત 1990ના દશકના અંત સમયમાં થઈ હતી.

(3) આ ગ્રુપ વિશ્વની 33% GDP તથા 19% જમીન ભાગ ધરાવે છે.

(4) પશ્ચિમી એલાયન્સ (જોડાણ)ને સંતુલિત કરનાર આ સમૂહ છે.

(A) માત્ર (1)

(B) માત્ર (3) અને (4)

(C) માત્ર (1), (2) અને (4)

(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં ભારતના વિદેશ મંત્રાલય દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે ભારત 23 જૂને યોજાનાર RICની મિટીંગમાં ભાગ લેશે.

⇛ RICમાં ત્રણ દેશ ભારત, રશિયા અને ચીનનો સમાવેશ થાય છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ એક સ્ટ્રેટેજીક ગ્રુપ છે જેની રચના 1990ના દશકના અંત સમયમાં થવાની શરૂ થઈ હતી. આ માટેનું નેતૃત્વ એક રશિયન રાજનેતાએ કર્યું હતું. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ ગ્રુપની સ્થાપના પશ્ચિમી એલાયન્સના સંતુલન તરીકે કરવામાં આવેલી છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ દ્વારા અમેરિકા કેન્દ્રિત રશિયાની વિદેશ નીતિનો અંત આવશે, ભારત સાથેના જૂના સંબંધો પુનઃજીવીત થશે તથા ચીન સાથેની નવી મિત્રતા ગાઢ થશે તેના વિચાર પર રશિયા દ્વારા ગ્રુપની સ્થાપના કરવામાં આવી હતી.

⇛ RIC વૈશ્વિક GDPની 33% GDP ધરાવે છે તથા 19% વૈશ્વિક જમીન ભાગ ધરાવે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (4) I-Lab વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) I-Lab એ ભારતની પ્રથમ ચલિત (મોબાઈલ) ચેપી રોગ ચકાસણી લેબ છે.
(2) તેની રચના આંધ્રપ્રદેશ મેડટેક્ ઝોન લિમિટેડ દ્વારા કરવામાં આવી છે.
(3) આ લેબ દેશના દુર્ગમ વિસ્તારો અથવા તો છેવાડાના અંતર સુધી COVID-19ની ચકાસણી સુવિધા પહોંચાડવા માટે બનાવવામાં આવી છે.
(4) આ માટે આંધ્રપ્રદેશ સરકાર તથા આરોગ્ય મંત્રાલય દ્વારા સહાય આપવામાં આવેલી છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- A

**સમજૂતી :**

⇛ તાજેતરમાં ભારતની પ્રથમ ચલિત I-Lab (ચેપી રોગ ચકાસણી લેબ)નું લોંચીંગ કરવામાં આવ્યું છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ તેનું લોંચીંગ છેવાડાના અંતર કે વિસ્તાર સુધી COVID-19ની ચકાસણી સુવિધા પહોંચી શકે તે હેતુથી કરવામાં આવ્યું છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ તેની રચના AMTZ અર્થાત્ આંધ્રપ્રદેશ મેડટેક્ ઝોન લિમિટેડની એક ટીમ દ્વારા કરવામાં આવી છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ તેની રચના નેશનલ બાયોફાર્મા મિશન હેઠળ કરવામાં આવી છે.

⇛ આ માટે ડિપાર્ટમેન્ટ ઓફ બાયોટેક્નોલોજી દ્વારા કોવિડ–કમાન્ડ સ્ટ્રેટેજી હેઠળ આ લેબ બનાવવા માટેની સહાય કરવામાં આવી છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ આ લેબ દેશના દુર્ગમ વિસ્તારોમાં જઈ શકે છે તથા પ્રતિ દિવસ 25 RT-PCR ટેસ્ટીંગ, 300 ELISA ટેસ્ટીંગ તથા વધારામાં ટી.બી. અને HIVનું પણ પરીક્ષણ કરી શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(5) નેશનલ બાયોફાર્મા મિશન વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) તે એક સરકાર–ઉદ્યોગ સહયોગ મિશન છે.

(2) આ મિશનમાં વર્લ્ડ બેંકનો પણ ફાળો છે.

(3) આ મિશનનું અમલીકરણ BIRAC નામની સંસ્થા દ્વારા કરવામાં આવે છે.

(4) આ મિશન હેઠળ સરકારે ઈનોવેટ ઈન ઈન્ડિયા (i3) કાર્યક્રમ લોન્ચ કરેલ છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ ભારતમાં બાયોફાર્માસ્યુટીકલના વિકાસને વેગ આપવાના હેતુથી નેશનલ બાયોફાર્મા મિશનની શરૂઆત કરવામાં આવી હતી.

⇛ તે એક ઉદ્યોગ–એકેડેમી (શિક્ષણ જગત) સહયોગ મિશન છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ મિશન રૂ. 1500 કરોડના ખર્ચે વર્ષ 2017માં લોન્ચ કરવામાં આવ્યું હતું જેમાં 50% ફંડીંગ વર્લ્ડ–બેંકની લોનનું છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ મિશનનું અમલીકરણ BIRAC નામની સંસ્થા દ્વારા કરવામાં આવે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ BIRACનું પૂરું નામ Biotechnology Industry Research Assistance Council છે.

⇛ આ મિશન હેઠળ બાયોફાર્મા ક્ષેત્રમાં ઉદ્યમશીલતા તથા સ્વદેશી ઉત્પાદનને પ્રોત્સાહન આપવાના હેતુથી ઈનોવેટ ઈન ઈન્ડિયા (i3) કાર્યક્રમ લોન્ચ કરવામાં આવ્યો હતો. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ મિશનના 4 મુખ્ય ધ્યાનબિંદુ છે.

- વિકાસ
- ક્ષમતા નિર્માણ
- અપગ્રેડ
- ઉદ્યોગ–એકેડેમી લિંકેજ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

Facebook

like | comment | share

ICE RAJKOT

twitter

ICE RAJKOT